પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૭ | ૬ સપ્ટેમ્બર, ૨૦૧૭, બુધવાર ; ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### લખનઉમાં મેટ્રોટ્રેન પ્રોજેક્ટ

ઉત્તરપ્રદેશના લખનઉ શહેરમાં મેટ્રો ટ્રેનના પ્રોજેક્ટનો પ્રારંભ કરાવ્યો છે. ૨૦૧૯ સુધી પ્રથમ ફેઝનું કાર્ય પૂર્ણ થવાની ધારણા છે.

### ગંભીર શહીદ પોલીસ કર્મીની પુત્રીને ભણાવશે

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં આતંકવાદીઓના હુમલાનો ભોગ બનેલ શહીદ એએસઆઈ અબ્દુલ રશીદની દિકરી જોહરાને ભારતીય ક્રિકેટર ગૌતમ ગંભીર ભણાવશે.

### ભારત-શ્રીલંકાની વચ્ચે આજે એકમાત્ર ટ્વેન્ટી જંગ ખેલાશે

ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલે એકમાત્ર ટ્વેન્ટી-૨૦ મેચ રમાનાર છે. આને લઈને તમામ તૈયારી કોલંબોમાં કરી લેવામાં આવી છે. પહેલા ટેસ્ટ મેચની શ્રેણી અને ત્યારબાદ વનડે મેચોની શ્રેણીમાં ક્લીન સ્વીપ કર્યા બાદ ભારતીય ટીમ એકમાત્ર ટ્વેન્ટી મેચ પણ જીતી લેવા માટે સંપૂર્ણ તૈયાર છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ નવી વ્યુહરચના સાથે મેદાનમાં ઉતરશે.ભારતે ટેસ્ટ શ્રેણી૩-૦થી અને વનડે શ્રેણી ૫-૦તી જીતી લીધા બાદ એકમાત્ર ટ્વેન્ટી મેચ જીતી લેવા માટે ભારતે તૈયારી કરી છે. કોલંબોના પ્રેમદાસા મેદાન ખાતે આ મેચ રમાનાર છે.

# ભારત-ચીન સરહદ પર શાંતિ જાળવવા સહમત

**સેનાઓમાં પારસ્પરિક તાલમેલ વધુ સુધારવા-સંબંધોને સામાન્ય બનાવવા સરહદ ઉપર શાંતિ જરૂરી હોવાના મુદ્દે ભારત અને ચીન મંત્રણા વેળા સહમત**



નવીદિલ્હી, તા. ૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ શી જિનપિંગ વચ્ચે આજે એક કલાક સુધી લાંબી બેઠક યોજાઈ હતી. સાનુકુળ વાતાવરણમાં યોજાયેલી આ બેઠકમાં તમામ જટિલ પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. આ દ્વિપક્ષીય બેઠકમાં સરહદ ઉપર શાંતિ સ્થાપિત કરવાના મુદ્દા ઉપર ચર્ચા થઈ હતી. આ બેઠકમાં આતંકવાદના મુદ્દે સર્વોચ્ચ મુદ્દો ન હતો. બંને દેશોના સંબંધોને લઈને વાતચીત થઈ હતી. સંબંધોને વધુ મજબૂત કરવાની દિશામાં સરહદી વિસ્તારોમાં શાંતિ સ્થાપિત કરવા ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. ડોકલામ અને લડાખમાં તાજેતરમાં જ ચીન અને ભારતની સેનાઓ વચ્ચે સંઘર્ષને લઈને આ વાતચીત મહત્વપૂર્ણ પુરવાર થઈ હતી. વાતચીત થયા બાદ વિદેશ સચિવ એસ જયશંકરે પુરતી માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, દ્વિપક્ષીય વાતચીતમાં આતંકવાદના મુદ્દા ઉપર અલગરીતે ચર્ચા થઈ ન હતી. તેમણે કહ્યું હતું કે, હાલમાં ઘટનાઓના મુદ્દા ઉપર બંને દેશોની સેનાઓમાં પારસ્પરિક તાલમેલ બેસાડવાના મુદ્દા ઉપર સહમતિ થઈ હતી. ભારત અને ચીને

● અનુસંધાન પાન-૭ પર

## ડેરા સચ્ચાના હેડક્વાર્ટર્સની ચકાસણીનો હાઈકોર્ટનો આદેશ

**કોર્ટ કમિશનરની પણ નિમણૂંક કરવામાં આવી : સીલબંધ કવરમાં અહેવાલ અપાશે : લાયસન્સી હથિયારો એકત્રિત**



ચંદીગઢ,તા. ૫

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ડેરા સચ્ચા સૌદાના હેડક્વાર્ટર્સની ચકાસણીની મંજુરી આપી દીધી છે. હવે પોલીસ દ્વારા ડેરા સચ્ચા સૌદાના હેડક્વાર્ટર્સની તપાસ કરવામાં આવનાર છે. હાઈકોર્ટના આજના આદેશને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સિરસા સ્થિત ડેરા હેડક્વાર્ટર્સમાં સર્ચ ઓપરેશન કોઈ જ્યુડિશિયલ અધિકારીની દેખરેખ હેઠળ ચલાવવામાં આવશે. કોર્ટે નિવૃત્ત જજ કેએસ પવારને તપાસ અભિયાન માટે કોર્ટ કમિશનર તરીકે નિમણૂંક કરવામાં આવ્યા છે. તેઓ એક સીલબંધ કવરમાં હાઈકોર્ટને પોતાના અહેવાલ સુપ્રત કરશે. આ અગાઉ સોમવારના દિવસે ડેરા સચ્ચા સૌદા સિરસા તરફથી સદર પોલીસ સ્ટેશનમાં ૩૩ લાયસન્સ ધરાવતા હથિયારો જમા કરવામાં આવ્યા હતા. આ હથિયારોમાં ૧૪ રિવોલ્વર, નવ ગન, ચાર રાયફલો અને અન્ય મોડીફાઈડ હથિયારોનો સમાવેશ થાય છે. પોલીસે સોમવારના દિવસે આ તમામ હથિયારોને સીલ કરી દીધા હતા. સદર પોલીસ સ્ટેશનના સીએચઓ દિનેશકુમારનું કહેવું છે કે, ડેરા સચ્ચા સૌદા મેનેજમેન્ટ તરફથી પોલીસને આપવામાં આવેલા

● અનુસંધાન પાન-૭ પર

# લાલૂની પુત્રી મિસાનું ફાર્મ હાઉસ સીલ કરાયુ

**દિલ્હીમાં પાલમના બિજવાસનમાં સ્થિત ફાર્મ હાઉસ ટાંચમાં લેવાતા મિસા અને લાલૂના પરિવારના સભ્યો હવે તેનો ઉપયોગ કરી શકશે નહીં**

નવીદિલ્હી, તા. ૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટટોરેટ (ઈડી) દ્વારા આક્રમક કાર્યવાહી કરીને આરજેડીના પ્રમુખ લાલુપ્રસાદ યાદવની પુત્રી મીસા ભારતી અને તેમના પતિ શેલેશ કિમારના ફાર્મ હાઉસને ટાંચમાં લઈ લેતા ખળભળાટ મચી ગયો છે. લાલુ પ્રસાદ યાદવ પરિવારની સામે હાલ તકલીફ અકબંધ રહે તેવી શક્યતા છે. કારણ કે બેનામી સંપત્તિના મામલે તેમની સામે તપાસ કરવામાં આવી રહી છે. પીએમએલએ હેઠળ કરવામાં આવી રહેલી કાર્યવાહીનો મતલબ એ છે કે મીસા ભારતી હવે આ ફારામ હાઉસનો ઉપયોગ કરી શકશે નહીં. આ ફાર્મહાઉસ દિલ્હીમાં પાલમના બિજવાસનમાં સ્થિત છે. હકીકતમાં કરોડો રૂપિયાના બેનામી સંપત્તિના મામલે મીસા ભારતી અને તેમના પતિ શેલેશ કુમાર ઈડીના રડાર પર છે. કેટલાક દિવસ પહેલા જ ઈડીએ ૮૦૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના મામલે તેમની સામે દરોડા પાડ્યા હતા. બનાવટી કંપનીઓની સંડોવણીવાળી મની લોન્ડરિંગ તપાસ હેઠળ આઠમી જુલાઈના દિવસે કેન્દ્રિય તપાસ સંસ્થાએ મીસા, શેલેશના દિલ્હી સ્થિત ત્રણ સંકુલો પર દરોડા પાડ્યા હતા. સાથે સાથે તેમની સાથે સંબંધ ધરાવનાર એક કંપની પર પણ દરોડા

● અનુસંધાન પાન-૭ પર





સુરતમાં પાટીદાર રેલી - હાર્દિક પટેલની ધરપકડના વિરોધમાં સુરત ખાતે પાટીદારોની પ્રચંડ રેલી નીકળી હતી.... જય સરદાર, જય પાટીદારના નારા સાથે નીકળેલી રેલીમાં હજારો પાટીદાર પરિવારો જોડાયા હતા... તેમણે પાસના કન્વીનર હાર્દિક પટેલની બિનશરતી જેલમુક્તિની માંગણી કરી હતી....

## ૧૩૦ પાયલોટ-૪૩૦ કેબિન ક્રૂ સભ્યની સામે પગલા લેવાશે

મુંબઈ,તા. ૫

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) નેશનલ કેરિયર એર ઈન્ડિયાના ૧૩૦થી વધુ પાયલોટ અને ૪૩૦ કેબિન ક્રુ સભ્યોને ગ્રાઉન્ડ કરે અથવા તો સજા કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. આલ્કોહોલ ટેસ્ટને ટાળવા બદલ આ સભ્યોને સજાના ભાગરુપે કાર્યવાહી કરવામાં આવનાર છે.

૧૩૦ પાયલોટો અને ૪૩૦ કેબિન ક્રુ સભ્યો ફરજિયાત પ્રિ અને પોસ્ટ ફ્લાઈટ આલ્કોહોલ ટેસ્ટમાં જોડાયા નથી જેના લીધે તેમના ઉપર કાર્યવાહીનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે. સુત્રોએ જણાવ્યું છે કે, આ કેબિન ક્રૂ નિયમિતરીતે ઘણા સમયથી બ્રિથ એનાલિસર ટેસ્ટને ટાળી રહ્યા હતા. સિંગાપોર, કુવૈત, બેંગકોક, અમદાવદા અને ગોવા જેવા ચોક્કસ સ્થળોથી ઉડાણ ભરનાર અને લેન્ડ કરનાર ફ્લાઈટો માટે આ કેબિન ક્રૂના સભ્યો નિયમિતરીતે ફરજથી ભાગી રહ્યા હતા. એવિએશન રેગ્યુલેટર ડીજીસીએ દ્વારા એર ઈન્ડિયા મેનેજમેન્ટને એરલાઈન્સના નવા સભ્યો દ્વારા સુરક્ષાના નિયમોનો ભંગ કરવાના મામલામાં અલ્ટીમેટમ આપી દીધું છે.




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Wanted Teachers
For Primary & Secondary Sections as per the qualification mentioned below:
Maths / Science: B.Sc. / M.Sc., B.Ed, P.T.C
Language Teachers: Gujarati, Hindi & Sanskrit, B.A./M.A., B.Ed., P.T.C.
English/S.S Teachers: B.A. / M.A., B.Ed, P.T.C
Clerk: B.Com/M.Com
Walk in interview on date: 9th September 2017 • Time: 9 am to 12 pm at: Tapovan Vatsalyadham English Medium Day School, At - Amiyapur, Nr. Sabarmati to Koba Highway, Tapovan Circle, Ahmedabad-382424
Send CVs to: Devarpitasso@gmail.com • Call: 99987 37068

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા - મુન્નાર-થેકડી
દાર્જીલીંગ - ગંગટોક-પેલીંગ
સિમલા - મનાલી-ડેલ-અમૃત
ભુતાન - પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની - વાયનાડ-હસન
નૈનિતાલ - કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫